# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૪/૦૮/૨૦૨૬ થી તા.૩૦/૦૮/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in



**મેષ (અ,લ,ઈ):-** સપ્તાહની શરૂઆત મિટીંગ વગેરે માટે યાત્રા પ્રવાસથી થાય. જૂના મિત્રો અને જૂના અનુભવોથી નવી દિશા મળે. રંગીન અને રોમેન્ટીક મુલાકાત થાય. નોકરી માટેની શોધ પૂર્ણ થાય. ધંધામાં નવા સોદા અને નવી યોજના પાર પડે. આત્મવિશ્વાસ વધે તેવા કામ પાર પડે. પ્રેમ વ્યક્ત કરવામાં ઉતાવળ કરવી નહી. ઈર્ષાળુ મિત્રોથી સાવધાન રહેવુ. વિદ્યાર્થીઓને ની ટેકનોલોજીથી લાભ થાય. ગુપ્ત શત્રુઓથી સાવધાન.



**વૃષભ (બ,વ,ઊ):-** નવા કામની શરૂઆત માટે ધીરજ રાખવી. કિંમતી વસ્તુનું ધ્યાન રાખવું. પડવા-વાગવાથી સાવધાન રહેવું. નવા સર્જનાત્મક વિચારો ભવિષ્યની નવી દિશા મળે. બૌદ્ધિક કામમાં સફળતા મળે. સામાજીક અને કુટુંબીક સંબંધો મજબૂત બને. નોકરીમાં નવી જવાબદારી અને સ્થાનફેરથી દોડધામ વધશે. પ્રેમ પ્રકરણો રોમેન્ટીક રહેશે. નવા રોકાણમાં ધીરજ રાખવી. શિક્ષણમાં મદદરૂપ થાય એવી પરીક્ષામાં સફળતા મળે.



**મિથુન (ક,છ,ઘ):-** ચાલુ વીકમાં દાંપત્ય જીવનમાં તાલમેળ અને એકબીજાને મદદરૂપ બનવાનો અનુભવ થાય. વેપાર ધંધાને વધારવાની નવી યોજના બને. નવા રોકાણ બાબતે ધીરજ રાખવી. સરકારી કામમાં ઉપરીવર્ગ સાથે ઘર્ષણ ટાળવું. વધુ પડતું વિચારવાનું છોડીને પ્રેક્ટીકલ બનવું. જૂના મિત્રોની મુલાકાતથી પારીવારિક પ્રશ્નો હલ થઈ શકે છે. વિદેશનો કામ થાય. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે.



**કર્ક (ડ,હ):-** ચાલુ વીકની શરૂઆતમાં માતા કે અન્ય પારીવારિક સભ્યના આરોગ્યની ચિંતા અને ખર્ચા વધશે. સરકારી કામમાં સાવધાની રાખવી. રોજના કામમાં અચાનક સફળતા મળે. નવી યોજના પાર પડે. વેપાર-ધંધામાં પ્રગતિ થાય. સામાજિક કામમાં યસ મળે. વિવાહ લાયકને યોગ્ય પાત્ર મળે. નોકરી-ધંધામાં જૂની ભૂલો પરેશાની વધારશે. લેવડ-દેવડમાં ધીરજ રાખવી. ખાવા-પીવા બાબતે સંતુલન રાખવું. અચાનક ખર્ચા વધશે.



**સિંહ (મ,ટ):-** ચાલુ વીકમાં પ્રેમ વિવાહ માટે અનૂકુળતા સુચવે છે. સંતાનોની સમસ્યા સતાવે. જીવન સાથી સાથે મનોરંજન પ્રવાસ થાય. શેર બજારમાં ધીરજ રાખવી. નોકરીયાત વર્ગને ભાગ્યનો સાથ મળે. નવી તક ઊભી થાય. મોટી કંપનીની ઓફર આવી શકે છે. બીજાના ભરોશે કામ છોડવું નહીં. ભાગીદારીમાં ધીરજ રાખવી. વિરોધીઓ કુટુંબ સમાજમાં પરેશાની વધારી શકે છે. કોઈના પર આંધળો વિશ્વાસ મુકવો નહીં.



**કન્યા (પ,ઠ,ણ):-** ચાલુ વીકમાં સમયનો સદઉપયોગ કરવાનો મોકો મળશે. સરકારી નોકરીની તૈયારીમાં હકારાત્મક પ્રગતિ થાય. આર્થિક પ્રગતિ નવા સંપત્તિના સોદા અને ધંધા વગેરેમાં થાય. પ્રેમમાં મિલન મુલાકાત અને ભેટ-સોગાદથી વિશ્વાસ વધે. મિત્રો સાથે મનોરંજન થાય. શેર, સટ્ટા, લોટરી વાયદામાં લાભ થાય. અભ્યાસમાં પ્રગતિ થાય. સંતાનોના કામ થાય. સરકારી નોકરીયાતે સાવધાની રાખવી. લાલચથી બચવું. દાંપત્યમાં અનૂકુળતા રહે.



**તુલા (ર,ત):-** સપ્તાહ વિદ્યાર્થીઓને અભ્યાસમાં અનુકુળતા વધારનાર અને સારા પરિણામ આપનાર રહેશે. સ્પર્ધાત્મક પરિક્ષામાં સફળતા મળે. આત્મવિશ્વાસ વધે. શુભ સમાચાર મળે. મિલકત-વારસા બાબતે મદદ મળે. નોકરીમાં ઉચ્ચપદની પ્રાપ્તિ થઈ શકે છે. પ્રેમમાં ગેરસમાજ થઈ શકે છે. સ્વાર્થી મિત્રોથી નુકસાન થાય. સંબંધી વગેરે સાથે વિવાદ ટાળવો. નવા રોકાણમાં ધીરજ રાખવી. સરકારી નોકરીમાં સ્થાનપેર થાય.



**વૃશ્ચિક (ન,ય):-** ચાલુ વીક નવી ઘટના અને કુટુંબ જીવનમાં નવો ફેરફાર વાળુ રહેશે. મહત્વના ફેરફારથી અનુકુળતાની સાથે જવાબદારીઓ કામનો બોજ વધશે. વાણી પર કાબુ રાખવો. બાળકો વડીલો સાથે પ્રવાસ થાય. તમારા કામની કદરથી ઉત્સાહ વધે. ટેકનોલોજી, દલાલી વગેરેથી લાભ થાય. સામાજીક, પ્રવૃત્તિ અને પારીવારીક પ્રશ્નો હલ થાય. સંતાનોની પ્રગતિ થાય. આર્થિક પ્રગતિની તક ઊભી થાય.



**ધન (ભ,ધ,ફ,ઢ):-** સપ્તાહ પરિવારના વડીલોના આશીર્વાદથી નવા પ્રોજેક્ટની શરૂઆત કરવામાં મદદરૂપ રહે છે. નવા લોકોનો લાભ અને મદદ મળી શકે છે. ઘરમાં નવા ફેરફાર થાય. નવા ઘરની યોજના બને. સંતાનોના કામમાં પ્રગતિ થાય. આત્મવિશ્વાસ વધે. તમારા કામની કદર થાય. પ્રવાસમાં સાવધાન રહેવુ અને વિવાદથી બચવું. આર્થિક બાબતે નવા રોકાણ થાય. કલા, સાહીત્ય, શિક્ષણ પ્રવાસ દલાલી વગેરે કામમાં લાભ થાય.



**મકર (ખ,જ):-** સપ્તાહ પરિવાર સાથે મનોરંજનમાં પસાર થાય. પ્રવાસમાં સાવધાની રાખવી. માનસિક અશાંતિ અને ગુપ્ત ભય સતાવે. ખર્ચા વધશે. સમાજ જીવનમાં ધીરજ રાખવી. ભાઈ-બહેન-મિત્રો સાથે પાર્ટી-પિકનીક થઈ શકે છે. આવક વધે. નવો કામ મળે. નોકરીમાં જવાબદારી વધે. વાણી પર કાબુ રાખવો અને માર્કેટીંગનો કામમાં સાવધાન રહેવુ. પડવા-વાગવાથી સાવધાન રહેવુ. ખર્ચા વધશે.



**કુંભ (ગ,સ,શ,ષ):-** સપ્તાહની શરૂઆતમાં ભેટ કે ઈનામ મળી શકે છે. પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. નવા સંબંધો બંધાય. પ્રેમની શરૂઆત થઈ શકે છે. વિશ્વાસઘાતથી બચવું. ગુપ્તભય સતાવે. મોજ-શોખ પર બીનજરૂરી ખર્ચાથી બચવું. કોઈની વાતોમાં આર્થિક વ્યવહાર કરવા નહી. આગ, પાણી, અકસ્માતથી સાવધાન રહેવું. દાંપત્યજીવનમાં તાલમેળ વધશે. આર્થિક વ્યવહારમાં ચોક્કસ બનશો. આવક વધશે.



**મીન (દ,ચ,ઝ,થ):-** સપ્તાહ દરમિયાન નોકરીના ઈન્ટરવ્યુ અને ધંધા માટેના પ્રવાસ સફળ રહે. કાર્ય સ્થળ પર નવા ફેરફારથી અનુકુળતા વધશે. સંતાનોના કામ પાર પડે. પ્રેમમાં સફળતાનો અનુભવ વધે. શેર, સટ્ટા, લોટરી, વાયદાના કામ પાર પડે. બીજાના ભરોસે રહેવું નહી. અચાનક કામનો બોજ વધશે. દેખાદેખી કરવી નહી. ધાર્મિક પ્રવાસ થાય. વિદેશનો કામમાં પ્રગતિ થાય. અચાનક નવી તક મળે. પણ અશાંતિ વધશે.

## ભારત અને પડોશી દેશો જ્યોતિષની દૃષ્ટિએ

ભારત કુલ સાત થલ સીમા અને બે જળ સીમા સાથે કુલ નવ પડોશી દેશોથી ઘેરાયો હોવાના કારણે દેશ પર હંમેશા શત્રુઓના કાવતરાનો ભય લટકતી તલવાર સમાન મંડાયેલ રહે છે અને તે ભવિષ્યમાં પણ કાયમ રહેવાના ભારતની કુંડલી અને વાસ્તુ પ્રમાણે સ્પષ્ટ છે. વાસ્તુ પ્રમાણે ભારતની આઠે દિશા નકારાત્મક પ્રભાવમાં આવે છે માટે આપણને સારા અને હિત-ઈચ્છુક પડોશી મળ્યા નથી અને દેશની આંતરિક વ્યવસ્થાને સંતુલિત રાખે તેવા રાજકીય પક્ષો કે નેતા મળ્યા નથી. દેશને બાહ્ય અને અંદરોની શક્તિઓ કોઈ ને કોઈ રીતે લૂંટવા અને અસ્થિર કરવાની ચાલ ચાલતા હોય છે તેનું કારણ આ વાસ્તુ છે.

વાસ્તુ પ્રમાણે આપણા પડોશીઓની રહેણીકરણી, તેમનો આપણા તરફનો વ્યવહાર, વિચાર વગેરેની અસર આપણા પર ખૂબ જ પ્રભાવિત રીતે પડે છે અને આપણાં ઘર, દેશ કે ભૂમિખંડની ઊર્જાને પ્રભાવિત કરે છે એમાં કોઈ જ બેમત નથી.

જ્યોતિષની દૃષ્ટિએ કુંડલીનો ત્રીજો ભાવ એટલે પડોશી તથા પોતાની આસપાસના માહોલનું નિર્દેશન કરે છે. દેશ કે વ્યક્તિગત કુંડલીમાં ચોથું સ્થાન સુખસ્થાન માનવામાં આવે છે. ચોથા સ્થાનથી ત્રીજું સ્થાન બારમું આવે છે. આ ત્રીજું સ્થાન એટલે પડોશ અને સંપર્કનું પ્રતિનિધિત્વ કરે છે. આ સ્થાન પરથી આસપાસના વાતાવરણનો લાભ કેવો મળશે અને પડોશીઓ સાથે સંબંધ કેવા રહેશે તે નક્કી થાય છે. આપણા સ્વતંત્ર ભારતની કુંડલીમાં ત્રીજા સ્થાનમાં કુલ પ્લુટો, સૂર્ય, ચંદ્ર, બુધ, શુક્ર અને શનિ સાથે કુલ છ ગ્રહોનો શંભુમેળો જુદી જુદી પ્રકૃતિના હોવાથી આપણા પડોશીઓ આપણા સૌથી મોટા શત્રુઓ સાબિત થાય છે. તીસરા ભાવમાં રહેલ સૂર્ય આત્મકારક બને છે અને તે સૌથી વધુ પીડિત બને છે માટે ભારતના આત્માને ઠેસ પહોંચે તેવી હરકતો પડોશી દેશો કરે છે. આપણા પડોશી દેશોમાં નેપાળ અને બાંગ્લા દેશ સાથે આપણા સૌથી સારા સંબંધો હતા તે હાલ પડી ભાંગ્યા છે અને તે મોટા દુશ્મન જેવો વ્યવહાર કરે છે. તેનું કારણ નેપાળ ભારતની ઉત્તર-પૂર્વ મોટા ભાગે ઈશાન તરફ અને બાંગ્લા દેશ પૂર્વ દિશા તરફ છે. પૂર્વ દિશા સૂર્ય અને ઉત્તર-પૂર્વ દિશા ગુરુના પ્રભાવમાં આવે છે. ભારત અને બાંગ્લા દેશની કુંડલીમાં મિત્રતા વધુ છે. કારણ કે બંને વૃષભ લગ્નની છે. એ જ રીતે નેપાળની કુંડલી મીન લગ્નની છે. જે ભારતના લાભસ્થાનમાં આવે છે. આ કારણે આ બંને દેશો સાથે ભારતના સંબંધો સારા હતા, પણ ગુરુ અને કેતુ બંને અધ્યાત્મ અને ધર્મ સાથે જોડાયેલ છે. આ જોડાણને સામાન્ય રીતે શુભ માનવામાં આવે છે, પરંતુ જ્યારે કોઈ ન્યાય, કાયદાકીય પ્રશ્નો આવે ત્યારે આ જોડાણ ભાંગી પડે છે અને ધાર્મિક કટ્ટરતા પેદા કરનાર બને છે. ધાર્મિક કટ્ટરતાના કારક, ગુરુ અશુભ હોય અને રાહુ-કેતુ કુંડલીમાં બળવાન હોય, બાંગ્લા દેશની કુંડલીમાં ધર્મ ભાવ એટલે નવમા ભાવમાં બળવાન રાહુ છે અને સાતમે પબ્લીક સ્થાનમાં અસ્તનો પીડિત શનિની દૃષ્ટિનો ગુરુ છે અને ભારતમાં પણ રાહુ-કેતુ અને ગુરુ બળવાન છે પણ સ્વતંત્ર ભારતની કુંડલીમાં મધ્યમ ગતિમાં છે જ્યારે બાંગ્લા દેશની કુંડલીમાં ગુરુ અતિચારી ગતિ કે અવસ્થામાં છે અને હાલમાં પણ ગુરુ અતિચારી અવસ્થામાં છે. ગુરુ જ્યારે અતિચારી હોય છે ત્યારે પોતાનું શુભત્વ ગુમાવી દે છે જેના કારણે દેશ, દુનિયા અને વ્યક્તિગત જીવનમાં ભયંકર ઊથલપાથલ થાય છે.

બાંગ્લા દેશની કુંડલીમાં અત્યારે ત્રીજા સ્થાનમાં માલિક ચંદ્રની મહાદશા મે 2024થી મે 2034 સુધીની ચાલે છે. આ દશા તેના માટે ખાસ પડોશીઓ સાથેના સંબંધો માટે શુભ નથી. કારણ કે ત્રીજાના માલિકની સ્થિતિ જ પડોશીઓ સાથેના સંબંધો નક્કી કરે છે. બાંગ્લા દેશનો ચંદ્ર નીચનો છે અને શનિની દૃષ્ટિ તથા અસ્તના ગુરુ-બુધ સાથે છે. જ્યારથી ચંદ્રની મહાદશા ચાલુ થઈ ત્યારથી ભારત સાથેના સંબંધોમાં તિરાડ પડી. સામે ભારતની મારકેશ મંગળની મહાદશા જુલાઈ 2025 થી 2032 સુધીની ચાલુ થઈ તે પણ દેશ માટે પ્રતિકૂળ છે. હાલની બાંગ્લા દેશની હરકતો ભારત માટે મુસીબત વધારનાર બનતી જાય છે. 2032 સુધી ભારત-બાંગ્લા દેશની સ્થિતિ સુધરે એમ નથી. ભારતના સૌથી મોટા દુશ્મન ચીનના ત્રીજા સ્થાનમાં રાહુ છે માટે તે ક્યારે પણ ભારતનો મિત્ર સાબિત થઈ શકે એમ નથી. આ ચિંતા અને વિશ્વાસઘાતી ઘટનાને અંજામ આપનાર યોગ કુંડલીમાં થાય છે અને ભારતને પડોશીઓથી પીડાના યોગ છે. બીજા દુશ્મન પાકિસ્તાનની કુંડલીમાં ત્રીજા ભાવમાં મંગળ છે માટે તે હંમેશા યુધ્ધ અને વિનાશની યોજનામાં રહીને ભારતના વિકાસમાં અવરોધ પેદા કરે છે અને કરતા રહેશે.

એ જ રીતે નેપાળની કુંડલીમાં પણ ત્રીજા સ્થાનમાં કેતુ છે જે ભારતના રાહુ પર આવે છે માટે તે પણ ભારત સાથે કાયમી મિત્રતા રાખી શકે તેમ નથી. ભારતના પ્રથમ ભાવમાં રાહુ છે માટે આપણને કોઈ સારા વિશ્વાસુ પાડોશીઓ મળશે નહીં અને વિશ્વાસઘાતથી ભારતને નુકસાન કરનાર પડોશીઓ આપનાર બને છે. માટે જ ભારત, પાકિસ્તાન, ચીન, નેપાળ, બાંગ્લા દેશ વગેરે સાથે સંબંધો સુધારવાની કોશિશમાં નિષ્ફળ રહે છે અને ગ્રહ સંકેત પ્રમાણે ભારતને ઉપરોક્ત દેશોથી નુકસાન થવાની સંભાવના છે.

# ભાવનગર લઠ્ઠાકાંડમાં વધુ બે મોત, મૃતાંક ૧૩ પર પહોંચ્યો

**હજુ** પણ ચારથી વધુ દર્દીઓ સારવાર હેઠળ

ગાંધીનગર : ભાવનગર જિલ્લાના ખારકડી ગામમાં નકલી દારૂના સેવનથી સર્જાયેલા લઠ્ઠાકાંડમાં મૃત્યુનો સીલસીલો અટકતો નથી. સારવાર હેઠળ રહેલા બે વધુ દર્દીઓનાં મોત થતાં લઠ્ઠાકાંડનો સત્તાવાર મૃતકઆંક ૧૩ પર પહોંચી ગયો છે. કાળિયાબીડના સાગવાડી વિસ્તારમાં રહેતા ભાર્ગવ ઉપાધ્યાયનું આજે સવારે ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું, જ્યારે મૂળ મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના બુગડ ગામના અને ભાવનગરમાં નોકરી કરતા મુકેશ ડામોરે પણ સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. બીજી તરફ, ઝેરી દારૂની અસરગ્રસ્ત ચારથી વધુ દર્દીઓ હજુ વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ, ૧૮ ઓગસ્ટે મુકેશ ડામોરે મિત્રો સાથે દારૂનું સેવન કર્યું હતું. ત્યારબાદ તેની તબિયત લથડતાં તેને પ્રથમ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. સ્થિતિ ગંભીર બનતાં તેને વધુ સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. મુકેશ ભાવનગરમાં હિટાચી મશીન કંપનીમાં મશીન ઓપરેટર તરીકે નોકરી કરતો હતો. તે પરિણીત હતો અને તેને છ વર્ષનો પુત્ર તથા બે વર્ષની પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ, કાળિયાબીડના સાગવાડી વિસ્તારમાં રહેતા ભાર્ગવ ઉપાધ્યાયની પણ ઝેરી દારૂના સેવન બાદ તબિયત લથડી હતી. છેલ્લા કેટલાક સમયથી તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. જોકે, આજે સવારે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા પ્રમાણે ખારકડી ગામમાં કેટલાક લોકોએ જાણીતી બ્રાન્ડની નકલી બોટલમાંથી દારૂ પીધા બાદ તબિયત લથડવાની શરૂઆત થઈ હતી. તપાસમાં દારૂમાં મિથેનોલ ભેળવવામાં આવ્યું હોવાની વિગતો સામે આવી હતી. આ અત્યંત ઝેરી પદાર્થના સેવનથી અનેક લોકો અસરગ્રસ્ત થયા હતા.

### ૬૭ લોકોએ ઝેરી દારૂ પીધો હોવાની માહિતી

અધિકારીઓના જણાવ્યા પ્રમાણે કુલ ૬૭ લોકોએ મિથેનોલ ભેળવાયેલો ઝેરી દારૂ પીધો હતો. તેમાંથી કેટલાકને વિવિધ હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સારવાર બાદ ૨૮ લોકોને રજા આપવામાં આવી હતી, જ્યારે દારૂ પીનારા અન્ય ૨૪ લોકોને શોધી કાઢી તેમની તબીબી તપાસ કરવામાં આવી હતી અને તેઓ સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું હતું. લઠ્ઠાકાંડની ઘટનામાં એક તરફ વધુ બે દર્દીઓનાં મોત થતાં મૃતકઆંક ૧૩ પર પહોંચ્યો છે, ત્યારે બીજી તરફ હજુ સારવાર હેઠળ રહેલા દર્દીઓની સ્થિતિને લઈ તંત્રની ચિંતા યથાવત્ છે. ઘટનાને પગલે નકલી દારૂના સ્રોત અને તેમાં મિથેનોલ કેવી રીતે પહોંચ્યું તે સહિતના મુદ્દે તપાસ ચાલી રહી છે.

### અત્યાર સુધી લઠ્ઠાકાંડમાં મોતને ભેટેલા ૧૩ કમનસીબ લોકોની યાદી

ભાવનગર લઠ્ઠાકાંડમાં અત્યાર સુધીમાં કાર્તિક મકવાણા, ઉપેન્દ્રસિંહ ગોહિલ, નરેન્દ્રસિંહ યાદવ, કનકસિંહ ગોહિલ, ઘનશ્યામસિંહ જાડેજા, જયેશ ભટ્ટી, અવિનાશ પરમાર, સુધીર રાવલ, સંજયસિંહ ડોડિયા, હાર્દિક કિલજી, મુકેશ ડામોર, ભાર્ગવ ઉપાધ્યાય અને હિતેશ પરમાર સહિત ૧૩ લોકોનાં મોત થયાં છે.

# આજથી MBBS-BDSમાં પ્રથમ રાઉન્ડનું ચોઈસ ફીલિંગ

**૮,૭૫૫** બેઠક માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે

ગાંધીનગર: શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે રાજ્યમાં એમબીબીએસ અને બીડીએસ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પ્રથમ રાઉન્ડની ઓનલાઈન ચોઈસ ફીલિંગ પ્રક્રિયા આવતીકાલે સોમવાર, ૨૪ ઓગસ્ટથી શરૂ થશે. એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ લાયકાત ધરાવતા મેરિટમાં સામેલ ઉમેદવારો ૨૪ ઓગસ્ટે બપોરે ૧ વાગ્યાથી ૨૭ ઓગસ્ટે બપોરે ૧ વાગ્યા સુધી પોતાની પસંદગી ભરી શકશે. પ્રથમ રાઉન્ડમાં રાજ્યની સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ અને સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી, મેનેજમેન્ટ તથા એનઆરઆઇ બેઠકો મળીને કુલ ૮,૭૫૫ બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

પ્રથમ રાઉન્ડમાં એમબીબીએસ માટે કુલ ૭,૫૦૦ બેઠક ઉપલબ્ધ રહેશે. તેમાં ઓલ ઈન્ડિયા કોટાની ૩૧૭ અને રાજ્ય કોટાની ૭,૧૮૩ બેઠકનો સમાવેશ થાય છે. જ્યારે બીડીએસમાં કુલ ૧,૨૫૫ બેઠક છે, જેમાં ઓલ ઈન્ડિયા કોટાની ૩૬ અને રાજ્ય કોટાની ૧,૨૧૯ બેઠકનો સમાવેશ થાય છે. આમ, બંને અભ્યાસક્રમમાં ઓલ ઈન્ડિયા કોટાની કુલ ૩૫૩ અને રાજ્ય કોટાની કુલ ૮,૪૦૨ બેઠકો ઉપલબ્ધ રહેશે. પ્રથમ રાઉન્ડ માટે ઓનલાઈન ચોઈસ ફીલિંગ ૨૪ ઓગસ્ટે બપોરે ૧ વાગ્યાથી શરૂ થઈ ૨૭ ઓગસ્ટે બપોરે ૧ વાગ્યે પૂર્ણ થશે. ઉમેદવારો દ્વારા ભરવામાં આવેલી ચોઈસ ૨૭ ઓગસ્ટે સાંજે ૪ વાગ્યા સુધી જોઈ શકાશે. તેથી મેરિટમાં સામેલ ઉમેદવારોએ નિર્ધારિત સમયમર્યાદામાં પોતાની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. પ્રવેશ સમિતિએ વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયા, સમયપત્રક અને અન્ય સત્તાવાર સૂચનાઓ અંગેની માહિતી માટે તેની સત્તાવાર વેબસાઈટ નિયમિતપણે તપાસતા રહેવા સૂચના આપી છે.

# ચા વાળાને વાળ ખેંચીને મારવાનો મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો

**મફતમાં** પાણી-નાસ્તો આપવાનો ઇનકાર કરતાં પોલીસ સ્ટેશને લઈ જઈ ઢોર માર માર્યાનો આરોપ

**એક** મહિનાથી રજૂઆત છતાં કાર્યવાહી નહીં થતાં પોલીસ કમિશનર સહિત સામે સામે રીટ થઈ

અમદાવાદ : લિંબાયત વિસ્તારમાં ટી-સ્ટૉલ ચલાવતા યુવકને પોલીસના ડી-સ્ટાફના માણસો દ્વારા મફતમાં પાણી અને નાસ્તો આપવાનો ઈનકાર કરવા બદલ બળજબરીથી પોલીસ સ્ટેશને લઈ જઈ ઢોર માર મારવામાં આવ્યો હોવાના આક્ષેપો સાથેનો મામલો હવે ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે. મૂળ ઉત્તર પ્રદેશના મનોજ સરોજે પોલીસ સામે કરેલા આક્ષેપોમાં જણાવ્યું છે કે, પોલીસ કર્મચારીઓ તેની દુકાનેથી લાંબા સમયથી મફતમાં વસ્તુઓ લઈ જતા હતા અને 13 જુલાઈએ તેણે તેનો વિરોધ કરતાં તેને વાળ પકડીને ઢસડી જવામાં આવ્યો હતો તથા પોલીસ સ્ટેશનમાં પણ માર મારવામાં આવ્યો હતો.

સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ અને તબીબી પુરાવા રજૂ કરવા છતાં પોલીસ કમિશનર કચેરીમાં કરેલી રજૂઆતના એક મહિનાથી વધુ સમય બાદ પણ કોઈ ગુનો નોંધાયો ન હોવાનો દાવો કરી મનોજે હવે પોલીસ કમિશનર સહિતના અધિકારીઓ સામે હાઈકોર્ટમાં અરજી કરી છે. હાઈકોર્ટમાં થયેલી અરજીના આક્ષેપ પ્રમાણે લિંબાયત પોલીસના ડી-સ્ટાફના માણસો છેલ્લા આશરે છ વર્ષથી તેની દુકાનેથી પાણી, નાસ્તા સહિતની ચીજવસ્તુઓ લઈ જતા હતા. તેના કહેવા પ્રમાણે દરરોજ આશરે રૂ.700થી રૂ.800ની ચીજવસ્તુઓ મફતમાં લઈ જવામાં આવતી હતી. અગાઉ પણ તેણે તેનો વિરોધ કર્યો હતો ત્યારે પોલીસ દ્વારા ગાળો આપી તેને ઉઠાવી જવાની અને માર મારવાની ઘટના બની હોવાનો તેણે આક્ષેપ કર્યો છે.

13 જુલાઈએ પોલીસના માણસો રિક્ષામાં તેની ટી-સ્ટૉલ પર આવ્યા હતા અને 18 પાણીની બોટલ માગી હતી. આટલી બધી બોટલ કોના માટે માગવામાં આવી રહી છે તે અંગે તેણે સવાલ કરતાં પોલીસ કર્મચારીઓ ત્યાંથી પોલીસ સ્ટેશન જતા રહ્યા હતા. ત્યારબાદ પીએસઆઈ જાડેજા સહિત પાંચ-છ પોલીસ કર્મચારીઓ ત્યાં આવ્યા હતા અને તેને વાળ પકડીને ઢસડીને માર માર્યો હોવાનો આક્ષેપ મનોજે કર્યો છે. અરજીની 21 ઓગસ્ટે હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી, જેમાં પોલીસ કમિશનર, ડીસીપી અને પોલીસ ઈન્સ્પેક્ટરને આગામી સુનાવણી દરમિયાન હાજર રહેવા જણાવાયું છે. હવે આ મામલે આગામી સુનાવણીમાં પોલીસ તરફથી શું જવાબ રજૂ કરવામાં આવે છે તેના પર નજર રહેશે.

### અરજીમાં થયેલા ગંભીર આક્ષેપ

- » લિંબાયતનો ડી-સ્ટાફ વર્ષથી રોજ 700થી 800 રૂપિયાનો માલ મફત લઇ જાય છે
- » 13 જુલાઇએ પાણીની 18 બોટલ માંગી હતી તે અંગે સવાલ કરતા પોલીસ ચાલી ગઇ હતી
- » પીએસઆઇ જાડેજા અને અન્ય કર્મચારી માર મારી વાળ ખેંચી ઢસડીને પોલીસ સ્ટેશન લઇ ગયા
- » ઊંધો સુવડાવીને આશરે ૨૫૦ દંડા મારવામાં આવ્યા હતા અને જાતિ વિષયક અપશબ્દો બોલ્યા
- » સીસીટીવીનું ડીવીઆર લઈ ગયા, બાદ પોલીસ સ્ટેશનમાં ફૂટેજ ડીલિટ કરી નાંખ્યા
- » પોલીસ કમિશનર, ડીસીપી અને પોલીસ ઇન્સ્પેક્ટરને હાજર રહેવા કોર્ટે જણાવ્યું

### ટી સ્ટોલ વાળો સુરત છોડી મુંબઇમાં સારવાર કરાવે છે

મનોજે કરેલા આક્ષેપ પ્રમાણે પોલીસ સ્ટેશનમાં તેને પણ બોલવામાં આવ્યા હતા. પોલીસના મારને કારણે તેની તબિયત લથડતાં પોલીસ દ્વારા જ એમ્બ્યુલન્સ બોલાવી તેને સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હોવાનો તેના વકીલનો દાવો છે. મનોજના કહેવા પ્રમાણે મારને કારણે તેના પગમાં ગંભીર ઈજા થઈ છે અને હાલમાં પોલીસના ભયથી તે સુરત છોડીને મુંબઈ ગયો છે, જ્યાં પગની સારવાર ચાલી રહી છે.

# 10 વર્ષ પહેલા NRIને લૂંટી લેનાર હોમગાર્ડ ઝડપાયો

**NRIની** સ્વીફ્ટ કારમાં બે મહિલા ખેતરાડીમાં ગઇ હતી

**ત્યાં** આરોપીએ પોલીસની ધમકી આપી ફોન લૂંટી લીધો હતો

સુરતઃ ૧૦વર્ષપહેલાએનઆરઆઇને હનીટ્રેપમાં ફસાવી લૂંટી લેવાના કેસમાં ફરાર હોમગાર્ડને જલગાંવમાંથી ઝડપી લેવાયો છે. ૨૦૧૬માં બારડોલી ખાતે એનઆરઆઈને હનીટ્રેપમાં ફસાવી લૂંટી લેવાના ગુનામાં સંડોવાયેલો આરોપી પ્રવીણ રમેશભાઈ રાઠોડ (ઉ.વ.૩૬, રહે. વીસાપુર, તા. ચાલીસગામ, જિ. જલગાંવ, મહારાષ્ટ્ર) વતનમાં ખેતીકામ કરી રહ્યો છે જેના આધારે તેને ઝડપી લેવાયો છે. વર્ષ ૨૦૧૬માં તે અને તેનો મિત્ર ભાઉસાહેબ સાથે પલસાણા પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ ત્યારે અન્ય સાગરીતો અને બે મહિલા આરોપીઓ સાથે મળીને એક એનઆરઆઈને લૂંટવાનું ગુનાહિત કાવતરું ઘડ્યું હતું. આ ગેંગની મહિલાઓએ એનઆરઆઈને ફોનથી સંપર્ક કર્યો હતો અને વાતોમાં લઈ મળવા બોલાવ્યો હતો. તેને મળવા માટે બોલાવી સ્વિફ્ટ કારમાં બેસી બારડોલી-મહૂવા રોડ પર ખેતરાડીમાં લઈ ગયા હતા. ત્યાં મહિલાઓએ બળજબરીથી આલિંગન આપતા જ, પૂર્વ હોમગાર્ડ પ્રવીણ અને તેના સાગરીતોએ 'પોલીસ' તરીકેની ખોટી ઓળખ આપીને ધસી આવ્યા હતા. તેઓએ કેસ કરવાની તથા અખબારોમાં નામ છાપવાની ધમકી આપી રૂ. ૫ લાખની માંગણી કરી હતી. એનઆરઆઈ રાજી ન થતાં તેમને ઢોર માર મારી રૂ. ૫,૦૦૦ રોકડા તથા ફોન લૂંટી લીધો હતો. બાદમાં બેંક તરફ લઈ જતી વખતે એનઆરઆઈએ બૂમાબૂમ કરી સ્ટીયરીંગ ફેરવી દેતા ગાડી ડિવાઈડર સાથે અથડાઈ હતી અને ટાયર ફાટી જતાં તમામ આરોપીઓ ભાગી છૂટ્યા હતા.

# પટેલ ટ્રાવેલ્સની બસમાંથી મહિલાનો દાગીના ભરેલો થેલો ચોરાયો

**મહિલા** અમદાવાદથી દીકરીના નવા ઘરના વાસ્તુ પ્રસંગમાં હાજરી આપવા આવી રહી હતી

સુરતઃ અમદાવાદથી સુરત પોતાની દીકરીના નવા ઘરના વાસ્તુ પ્રોગ્રામમાં હાજરી આપવા આવી રહેલી એક વિધવા મહિલા મુસાફરના સોનાના દાગીના ભરેલા થેલાની લક્ઝરી બસમાંથી ચોરીની ઘટના બની છે. અમદાવાદના નિકોલમાં રહેતા રણજીતાબેન હરેશભાઈ પટેલ (ઉ.વ.૪૬) ગત તા. ૧૯/૦૮/૨૦૨૬ના રોજ રાત્રે પોણા દસેક વાગ્યે અમદાવાદથી સુરત ખાતે તેમની દીકરી નેન્સીના નવા ઘરના વાસ્તુ પ્રસંગમાં સુરત આવવા માટે બહેન અલ્પા અને પુત્ર કિયાન સાથે પટેલ ટ્રાવેલ્સની બસમાં સોફા કોચમાં બેઠા હતા. તેમની પાસે એક પાઉચ હતું જેમાં પાંચ સોનાની વીંટી, સોનાની ચેઈન, સોનાનો ડોકિયા-બુટ્ટીનો સેટ તથા અન્ય એક ડોકિયું મળીને કુલ રૂ. ૨,૦૭,૧૭૪ ની કિંમતના સોનાના દાગીના હતા. જે તેમણે થેલામાં સોફાની નીચે મૂક્યું હતું અને પછી ઊંઘી ગયા હતા. સવારે પાંચ વાગ્યે બસ લસકાણા, વાલક પાટીયા ખાતે આવી પહોંચતા રણજીતાબેને સામાન લેવા માટે નીચે જોયું તો થેલો ગાયબ હતો.

જેથી આ બનાવ અંગે તેમણે લસકાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ૮૧ વર્ષના વૃદ્ધા સહિત નવ મહિલા જુગાર રમતી ઝડપાઈ

સુરતઃકાપોદ્રા વિસ્તારમાં એક મકાનની ગેલેરીમાં ચાલી રહેલા હાઈપ્રોફાઈલ મહિલા જુગારધામ પર પોલીસે દરોડો પાડીને તીન પત્તીનો જુગાર રમતી ૯ મહિલાઓને રંગેહાથ ઝડપી પાડી હતી. કપોદ્રા પોલીસે બાતમીના આધારે ચીકુવાડી પાસે આવેલી હરિકુંજ સોસાયટીના મકાન નંબર ૧૩૪ના ત્રીજા માળની બહાર ખુલ્લી ગેલેરીમાં દરોડો પાડયો હતો. પોલીસે અહીંથી ૮૧ વર્ષના વૃદ્ધા સહિત જુગાર રમતી ૯ મહિલાઓને તીન પત્તીનો જુગાર રમતા ઝડપી લીધી હતી.પોલીસે તેમની પાસેથી રૂ. ૧,૦૪,૦૧૦ તથા દાવ પરથી મળેલા રોકડા રૂ. ૭,૧૦૦ મળી કુલ રૂ. ૧,૧૧,૧૧૦ કબજે લીધા હતાં.

## અનુસંધાન ... પાના પહેલાનું

### રાષ્ટ્રગીત વાગતું...

નીકળી જાય છે. આ ઘટના એવા સમયે સામે આવી છે જ્યારે ભાજપ કોંગ્રેસ દ્વારા તેના કાર્યક્રમોમાં 'વંદે માતરમ'ના માત્ર બે જ પદો ગાવાના નિર્ણય પર તેને લક્ષ્ય બનાવી રહી છે અને તેને રાષ્ટ્રીય ગાનનું અપમાન ગણાવી રહી છે.

કોંગ્રેસના સોશિયલ મીડિયા વિભાગના વડા સુપ્રિયા શ્રીનાતે 'X' પર હિન્દીમાં એક પોસ્ટમાં કહ્યું, "અંગ્રેજોના બાતમીદારો, 'વંદે માતરમ' વિશે જૂઠ પછી ફેલાવજો. પહેલા એ જણાવોઃ તમારા દબંગ નેતા અને યુપી વિધાનસભાના સ્પીકર સતિષ મહાના રાષ્ટ્રગીતની વચ્ચેથી જ કેમ ચાલ્યા ગયા? શું તેઓ માત્ર 52 સેકન્ડ પણ રાહ જોઈ શક્યા નહિ?" તેમણે ઉમેર્યું કે 'જન ગણ મન'નું "અપમાન" સહન કરવામાં આવશે નહીં અને માફીની માંગ કરી હતી. સમાજવાદી પાર્ટીના પ્રવક્તા અનુરાગ ભદોરિયાએ કહ્યું, હવે દરેકને દેશભક્તિનું પ્રમાણપત્ર આપતી ભાજપ તેમના વિશે શું કહેશે? ભાજપના પ્રવક્તા હરીશ ચંદ્ર શ્રીવાસ્તવે વિપક્ષના આક્ષેપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે આ ઘટનાને બિનજરૂરી રીતે "મોટું સ્વરૂપ" આપવામાં આવી રહ્યું છે.તેમણે કહ્યું કે આવી ભૂલો ક્યારેક થઈ શકે છે અને બની શકે કે મહાનાએ તે ક્ષણે રાષ્ટ્રગીત પર ધ્યાન ન આપ્યું હોય.

### બાંગ્લાદેશમાં બંધ...

હતો. ચૌધરીએ જણાવ્યું હતું કે, "પ્રારંભિક તપાસમાં અમને શંકા છે કે તેમનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી." ચૌધરીએ વધુમાં ઉમેર્યું હતું કે, આ હત્યાઓ ગુરુવાર મધ્યરાત્રિથી શુક્રવાર વહેલી સવારની વચ્ચે કોઈ સમયે થઈ હોઈ શકે છે.

પોલીસે આ હત્યાના સિલસિલામાં તેના બે પિતરાઈ મુગ્ધો અને સિદ્ધાર્થ ની અટકાયત કરી છે. પોલીસે જણાવ્યું હતું કે, આ શંકાસ્પદોને તેમના ઘરની છત પર યાબા નામનો ગેરકાયદેસર અને અત્યંત નશાકારક સિન્થેટિક ડ્રગ્સ લેવા સામે પરિવાર દ્વારા વિરોધ કરવામાં આવ્યા બાદ તેમને ટાર્ગેટ કરવામાં આવ્યા હોઈ શકે છે. બાંગ્લાદેશી મીડિયા અનુસાર, રંગપુર મેટ્રોપોલિટન પોલીસ કમિશનર મોહમ્મદ અબ્દુલ મબુદે રવિવારે એક બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, આ બે પિતરાઈ કથિત રીતે પાડોશી મકાન દ્વારા ગણપતિ ચક્રવર્તીના ઘરની છત પર પ્રવેશ્યા હતા અને ત્યાં યાબાનો નશો કર્યો હતો.

### PNG કનેક્શનો...

ઘરોને એલપીજી અને પી.એન. જી. બંને કનેક્શન એકસાથે રાખતા અટકાવવાના હેતુથી એક નિયમન માળખું અમલમાં મૂકવા માટે મંત્રાલય જિલ્લા સ્તરે હસ્તક્ષેપ ઈચ્છી રહ્યું છે.

ઘરોમાં રસોઈના ઉપયોગ માટે પાઈપ દ્વારા પહોંચાડવામાં આવતા ગેસના ઝડપી પ્રસાર માટેનું આ પગલું આ વર્ષની શરૂઆતમાં પશ્ચિમ એશિયાની કટોકટી દરમિયાન ભારતના એલપીજી સપ્લાય ચેઈનમાં સર્જાયેલી અડચણો બાદ લેવામાં આવ્યું છે. એલપીજી એવા બળતણમાંથી એક હતું જે આ સંઘર્ષથી સૌથી વધુ પ્રભાવિત થયું હતું, કારણ કે ભારત તેની રસોઈ ગેસની જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત કરે છે, અને તેનો ઘણો મોટો જથ્થો કતાર, સાઉદી અરેબિયા, યુએઈ અને કુવૈતથી હોર્મુઝના અખાતના માર્ગે થઈને આવે છે.

### H1N1નો કોઈ...

વ્યક્તિઓને જટિલતાઓનું જોખમ વધુ હોઈ શકે છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

ICMRના સૂત્રો મુજબ, દેશમાં હાલમાં ફેલાઈ રહેલો Influenza A (H1N1) pdm09 વાયરસ A/ Missouri/11/2025 (H1N1) pdm09 જેવા વાયરસ સ્ટ્રેનનો છે. આ વાયરસ ક્લેડ 6B.1A.5a2a, સબક્લેડ D.3.1.1 અંતર્ગત આવે છે અને ૨૦૨૫ થી ફેલાઈ રહ્યો છે. જો લક્ષણો લાંબા સમય સુધી રહે, વધુ ખરાબ થાય કે ગંભીર બને, તો સમયસર ડૉક્ટરની સલાહ લેવાની ભલામણ કરવામાં આવે છે. નિયમિત સર્વેલન્સ દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરી જાહેર આરોગ્ય પગલાં લેવામાં આવી રહ્યા છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

### એનએસએ ડોભાલ...

પક્ષોના અધિકારીઓ આ સંરચનાત્મક તંત્રને વિવિધ મોરચે બંને દેશો વચ્ચે ઉદ્ભવતા વારંવારના તણાવને હળવો કરવા માટે એક ઉપયોગી સાધન ગણે છે. આગામી વાર્તાલાપ ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. કારણ કે, આ બેઠક 12-13 સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હી ખાતે યોજાનાર બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની બહુપ્રતીક્ષિત ભારત મુલાકાત પહેલા યોજાઈ રહી છે.

### સીજેપી આજે...

સુનિશ્ચિત કરવા માટેનાં પગલાં પર વિચાર કરવામાં આવશે.

સીજેપીએ કહ્યું, "સીજેપીએ વિશ્વાસ સાથે આંદોલન પાછું ખેંચ્યું હતું. કારણ કે, સરકારે આ દેશના યુવાનોને વચન આપ્યું હતું." સીજેપીએ ઉમેર્યું કે, તે આ વિશ્વાસને નબળાઈ ગણવાની ભૂલ થવા દેશે નહીં. સીજેપીએ વિદ્યાર્થીઓ, યુવાનો, પોતાના સમર્થકો અને સ્વયંસેવકોને પણ સોમવારની બેઠકના પરિણામ માટે તૈયાર રહેવા જણાવ્યું છે.

આ જાહેરાતો સુપ્રીમ કોર્ટે 18 ઓગસ્ટે દેશભરમાં વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલી એફઆઈઆરની એકીકૃત યાદી માંગ્યાના દિવસો બાદ આવી છે.

સીજેપીએ કહ્યું કે સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને ત્રણ વખત યાદી આપવા માટે કહ્યું હતું જેથી તે કેસોને રદ કરવા માટે આર્ટીકલ 142 હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરવા પર વિચાર કરી શકે. સીજેપીએ જણાવ્યું, "કોર્ટે વારંવાર આ યાદી માંગવા છતાં, કેન્દ્ર સરકારે તે પૂરી પાડવાની પ્રતિબદ્ધતા દર્શાવી નથી." સંગઠને કહ્યું કે, કોર્ટની સુનાવણી તરત જ તેના સહ-સંયોજક સૌરવ દાસ અને કાનૂની બાબતોના વડા રત્ના સિંહે આશંકા વ્યક્ત કરી હતી કે, કેન્દ્ર સાથેની વાટાઘાટો દરમિયાન આપવામાં આવેલા વચનોના આધારે સીજેપીએ આંદોલન પાછું ખેંચ્યા પછી સરકાર યુવા પેઢી સાથે છેતરપિંડી કરી રહી હોય તેમ લાગે છે.